# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
## જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કચ્છ-ભુજ

રમત સંકુલ, સર્વોદય સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની બાજુમાં, માધાપર, ભુજ,કચ્છ- ૩૭૦૦૦૧

E-mail: dsdo-kutch@gujarat.gov.in , dso-sycd-ktch@gujarat.gov.in


જાનં.જરઅ/KMK25/રા.ક.રસ્સાખેંચ/૧૬૧-૨૦૨/૨૦૨૫-૨૬ તા.૨૬-૧૨-૨૦૨૫

પ્રતિ,
જીલ્લા રમત ગમત અધિકારીશ્રી,
જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
તમામ ગુજરાત રાજ્ય.

વિષય : ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની રસ્સાખેંચ (ભાઈઓ) સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલવા બાબત

સંદર્ભ : સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગાંધીનગર ના પરિપત્ર ક્રમાંક : એસ.એ.જી/ખેમકું૨૦૨૫/૨૦૨૫-૨૬ ૪૭૪૪૭-૪૭૫૫૨, તા.૨૪/૧૨/૨૦૨૫ અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે, ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અન્ડર-૧૭, ઓપન વજૂથ, અભવ-૪૦ અને અભવ-૬૦ રસ્સાખેંચ (ભાઈઓ) સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કચ્છ-ભુજ દ્વારા **રમત સંકુલ, માધાપર, ભુજ ખાતે તા.૦૧/૦૧/૨૦૨૬ થી ૦૫/૦૧/૨૦૨૬** દરમ્યાન નીચે મુજબ તારીખે અને સ્થળે યોજાનાર છે. જેથી આપના જિલ્લાની ભાગ લેનાર ટીમોની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ KMK ID વાળી એન્ટ્રી dso-sycd-ktch@gujarat.gov.in પર મોકલી આપવી. તથા આપના જિલ્લાની ટીમોને ભાગ લેવા બાબત ની જાણ કરવા વિનંતી.

## રાજ્યકક્ષા રસ્સાખેંચ (ભાઈઓ) સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વયજૂથ | રીપોર્ટીંગ તારીખ | રીપોર્ટીંગ સમય | સ્પર્ધા તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | **અં-૧૭** અને **અબવ-૪૦** ભાઈઓ | ૦૧/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા.૦૨/૦૧/૨૦૨૬ ના સવારે ૦૮:૦૦ કલાકે |
| ૨ | **ઓપન એજગ્રુપ** અને **અબવ-૬૦** ભાઈઓ | ૦૩/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા.૦૪/૦૧/૨૦૨૬ ના સવારે ૦૮:૦૦ કલાકે |
| ખેલાડી ૦૯+ ૨ કોચ/મેનેજર = ૧૧ ની જ એન્ટ્રી માન્ય ગણાશે. | | | | |

**રીપોર્ટીંગ અને સ્પર્ધા સ્થળ:** રમત સંકુલ મેદાન, સર્વોદય સ્પોર્ટ્સ સેન્ટરની બાજુમાં, માધાપર, તા. ભુજ, જી.કચ્છ

**નિવાસ સ્થળ:** યક્ષ મંદિર તીર્થ ધામ, ગાંધીજીના સ્ટેચ્યું પાસે, જૂનાવાસ, માધાપર, તા. ભુજ, જી.કચ્છ

**સંપર્ક નંબર :** રશીદ સમા : 82000 40676, ડો. ડી.એલ.ડાકી: 94283 11475

## <u>સ્પર્ધા અંગેની ખાસ સુચના</u>

- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂક પણે આપવાની રહેશે. અને એન્ટ્રીની ઓરીઝીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે અને કોઈ પણ ફેરફાર હોય તો જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી(DSDO)/જિલ્લા રમત ગમત અધિકારી(DSO)ના સહી સિક્કા સાથેની એન્ટ્રી સાથે લાવવાની રહેશે.
- તમામ ખેલાડીઓનું ખેલ મહાકુંભ ૨૦૨૫ નું એલીજીબીલીટી ફોર્મ સંપૂર્ણ વિગત વ્યવસ્થિત ભરી ફોટા પર તથા નીચે દર્શાવેલ કોલમમાં જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી(DSDO)/જિલ્લા રમત ગમત અધિકારી(DSO)ના સહી સિક્કા કરી લાવવાનું રહેશે.
- એન્ટ્રીમાં ફરજીયાત કોચ/મેનેજર નો સંપર્ક નંબર લખવાનો રહેશે.
- જિલ્લા માંથી રાજ્યકક્ષાએ ભાગ લેવા જતા ખેલાડીઓ/ટીમની એન્ટ્રી તેમજ કોચ/મેનેજરનું નામ અને સંપર્ક નંબર અત્રેની કચેરી ને અચૂક મોકલી આપવાના રહેશે.
- જે તારીખે જે વય ગ્રુપ ની સ્પર્ધા હોય તેનેજ આવવાનું રહેશે.
- સ્પર્ધા ને અનુરૂપ ગણવેશ પહેરવો ફરીજીયાત છે.
- પ્રવાસખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં ચુકવવામાં આવશે જેથી કેન્શલ ચેક અથવા બેંક ખાતાની વિગત સાથે લઈને આવવાનું રહેશે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ, મેનેજર તથા સપોર્ટીંગ સ્ટાફએ બસ,રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે.
- જીલ્લા માંથી આવતી ટીમ સાથે ખેલાડી કોચ અને મેનેજર સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યક્તિ ને ટીમ સાથે લઈ આવી શકશે નહી.
- સ્પર્ધા સ્થળે તથા નિવાસ સ્થળે કોઈપણ જાતની નુકશાની કોઈપણ ટીમ દ્વારા થશે તો તેની સમગ્ર જવાબદારી જેતે ટીમના મેનેજર ની રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારી
FRO કચ્છ-ભુજ

જિલ્લા રમત ગમત અધિકારી
કચ્છ-ભુજ

**<u>સવિનય નકલ રવાના</u>**

માન. સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર

માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

માન. કલેકટરશ્રી, કચ્છ

માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કચ્છ

માન. પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ

માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

માન. જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચ્છ-ભુજ (સ્પર્ધા દરમ્યાન મેડીકલ ટીમ તથા એમ્બ્યુલન્સ ફાળવવા બાબત)

માન. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ-ભુજ

માન. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, કચ્છ-ભુજ

માન. નાયબ માહિતી નિયામકશ્રી, કચ્છ-ભુજ (વિના મુલ્યે સ્પર્ધાની પ્રસિદ્ધિ કરવા સારું)

માન. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત સ્ટેટ ટગ ઓફ વોર એસોસિએશન
પ્રમુખ/મંત્રીશ્રી, જીલ્લા વ્યાયામ શિક્ષક સંઘ, કચ્છ

**રીપોર્ટીંગ અને સ્પર્ધા સ્થળ લોકેશન**